
જાડો બાદશાહ

માઇલ ખૈરાબાદી



જાડો બાદશાહ

એક હતો બાદશાહ - અમારો તમારો બાદશાહ - બાદશાહ ખૂબ જાડો હતો.એટલો જાડો કે તેના માટે હરવા ફરવાનું પણ મુશ્કેલ હતું. આખો દિવસ પડયો રહેતો. ખૂબ ખાતો અને જાડો થતો હતો. બાદશાહને પોતાનું જાડાપણું સહેજ પણ ન ગમતું, તે ઘણા ઈલાજ કરાવતો કે કોઈ રીતે જાડાપણું ઓછું થઈ જાય. તેણે ઘણા બધા વૈદ - હકીમ-ડોકટરોથી ઈલાજ કરાવ્યો પણ કોઈ ફાયદો ન થયો. બાદશાહ જાડો જ થતો ગયો. એક દિવસ એક હકીમે બાદશાહને કહેવડાવ્યું કે હું તમારો ઈલાજ કરીશ . બાદશાહે હકીમને બોલાવ્યો અને કહ્યું, "જો તમે મારો ઈલાજ કરશો તો હું તમને ખૂબ ઈનામ આપીશ."



હકીમે કહ્યું, " બાદશાહ સલામત! હું જયોતિષી પણ છું. પ્રથમ હું મારી વિદ્યા દ્વારા એ તપાસ કરીશ કે આપને બીમારી કયા પ્રકારની છે. પછી હું ઈલાજ કરીશ.બાદશાહ રાજી થઈ ગયો. બીજા દિવસે હકીમ આવ્યો અને ખૂબ જ અફસોસ સાથે કહેવા લાગ્યો : હુઝૂર ! ઈલાજ કરવાથી કોઈ ફાયદો નહીં થાય મને મારી જયોતિષ વિદ્યાથી જાણ થઈ છે કે આપના જીવનના દિવસો તો પૂરા થઈ ચૂક્યા છે.આપ હવે માત્ર 30 દિવસ જ જીવવાના છો.






હકીમે એમ પણ કહ્યું કે આપને મારી વાત પર વિશ્વાસ ન હોય તો આપ મને 30 દિવસ માટે જેલમાં મોકલી દો. જો મારી વાત ખોટી નીકળે તો 30 દિવસ પછી આપ મને કતલ કરાવી દેજો.

હકીમની આ વાત સાંભળીને બાદશાહને ખાત્રી થઈ ગઈ કે હવે મારા મરવાના દિવસો આવી ગયા છે. બાદશાહે હકીમને જેલમાં મોકલી દીધો પણ પોતે ખૂબ જ ચિંતામાં પડી ગયો. ખાવા-પીવાનું છૂટી ગયું. રાત્રે ઊંઘમાં પણ મોતના વિચારો જ આવતા લાગતા તો ગભરાઈને બેઠો થઈ જતો. જેમ જેમ દિવસો પસાર થતા જતા હતા બાદશાહની ચિંતામાં વધારો થતો જતો હતો.આમ કરતાં કરતાં 28 દિવસ પસાર થઈ ગયાં . હવે તો બાદશાહને પોતાની મોત સામે જ દેખાવા લાગી. 29 મા દિવસે બાદશાહે હકીમને બોલાવ્યો અને કહ્યું કે જો, કાલે 30 દિવસ પૂરા થઈ જશે, જો હું ન મર્યો તો પછી તમારી ગર્દન ઉડાવી દેવામાં આવશે.

હકીમ આ સાંભળીને હંસી પડ્યો અને હાથ જોડીને બોલ્યો : અલ્લાહ આપને ઘણા વરસ જીવતા રાખે. મને ક્યાંથી ખબર હોય કે આપનું મોત ક્યારે આવશે ? મને તો મારા મોતની પણ ખબર ક્યાં છે ? આ વાત તો માત્ર અલ્લાહ જ જાણે છે કે કોનું મોત ક્યારે આવશે ? અલ્લાહ સિવાય કોઈ નથી જાણતું કે તેની જિંદગી ક્યાં સુધી છે.. મેં તો આ વાત જે માટે કહી હતી તે હેતુ પૂરો થઈ ગયો છે. મોતની ચિંતાએ આપને દૂબળા કરી નાંખ્યા છે, અને આ જ આપનો ઇલાજ હતો.

હવે આપનું જાડાપણું રહ્યું જ નથી. બાદશાહ આ વાત સાંભળી ને ખૂબ જ ખુશ થઇ ગયો કે ખરેખર આ એક મહિનામાં તેનું જાડાપણું તો તદ્દન ઓછું થઈ ગયું હતું. અને હવે તે બિલ્કુલ સારો અને સામાન્ય શરીરનો થઇ ગયો છે. સહેલાઈથી હરી-ફરી પણ શકે છે. બાદશાહે ખુશ થઈને હકીમને ઘણું બધું ઇનામ આપ્યું.




સાચી વાત છે કે જે માણસને પોતાની મોત યાદ હશે અને આખિરત (પરલોક)ની ચિંતા હશે તે ક્યારેય આટલો જાડો થઈ જ શકતો નથી જેટલો જાડો આ બાદશાહ હતો.

એક હતો બાદશાહ

એક હતો બાદશાહ. બાદશાહનો હતો એક પ્રધાન. પ્રધાન ખૂબ જ સમજદાર હતો. તે કહેતો હતો. "ખુદા જે કરે છે ભલા માટે કરે છે." એક વખત કોઈ દુશ્મને બાદશાહના દેશ પર ચડાઈ કરી. ધમસાણની લડાઈ થઈ, આ લડાઈમાં બાદશાહની જીત તો થઈ પણ તેની એક આંગળી કપાઈ ગઈ, બાદશાહે પ્રધાનને આ આંગળી બતાવી તો પ્રધાને કહ્યું : "ખુદા જે કરે છે ભલા માટે કરે છે."

બાદશાહને ખૂબ ગુસ્સો આવ્યો. તેણે કહ્યું : " મારી આંગળી કપાઈ ગઈ અને તૂ કહે છે, સારું થયું." જો હું લડાઈમાં માર્યો જતો તો તને તો પછી વધારે ખુશી થતી. ચાલ, નીકળી જા અહીંથી." ગુસ્સામાં આવીને બાદશાહે પ્રધાનને પોતાની સલતનતમાંથી કાઢી મૂક્યો.



એક દિવસની વાત છે કે બાદશાહ શિકાર કરવા નીકળ્યો. જંગલમાં તેને એક હરણ દેખાયું. તેણે હરણનો પીછો કરવા ઘોડો દોડાવ્યો. ભાગતાં ભાગતાં બાદશાહ એક ઘનઘોર જંગલમાં જઈ પહોંચ્યો. હવે હરણ તો નાસી ગયું. બાદશાહ થાકી ગયો. ઘોડાને રોકીને ઊતરી પડ્યો. આગળ પાછળ જોયું પણ તેનો કોઈ સાથી ન દેખાયો. બાદશાહ ઝાડ નીચે બેસી ગયો. ઠંડો ઠંડો પવન ચાલી રહ્યો હતો. બાદશાહને ઊંઘ આવી ગઈ.

જયારે આંખ ખુલી તો જોયું કે એક ડઝન જંગલી લોકો તલવાર-ભાલા લઈને તેના ચારેકોર ઊભા છે. તેઓ બાદશાહને સાંકળોથી બાંધીને પોતાના સરદાર પાસે લઈ ગયા. સરદાર તો બાદશાહને જોઈને ઉછળી પડ્યો. આનંદમાં આવીને કહેવા લાગ્યો : વાહ વાહ ! આ માણસ આપણા દેવતાને બલિ આપવા માટે તદ્દન યોગ્ય છે. ચાલો બલિ ચડાવો. પણ એકાએક સરદારની નજર બાદશાહની કપાયેલી આંગળી પર પડી.






તેણે કહ્યું : અરે રે આની તો એક આંગળી કપાયેલી છે. આ માણસ ખોડવાળો છે. તેની બલિ ન ચડાવાય. ના,તેને છોડી દો,તેને જવા દો. બાદશાહને છોડી દીધો. હવે બાદશાહના મોઢામાંથી એકદમ બોલાઈ ગયું. : ”ખરેખરે ખુદા જે કરે છે ભલા માટે કરે છે. બાદશાહ પોતાના રાજ્યમાં પાછો આવી ગયો અને તરત જ ખૂબ સન્માન સાથે પ્રધાનને પાછો બોલાવ્યો. પોતાના સાથે બનેલી સમગ્ર ઘટના કહી સંભળાવી અને કહ્યું કે “ખરેખર ખુદા જે કરે છે ભલા માટે કરે છે.”પરંતુ હવે મને તમે એ બતાવો કે મેં તમને દેશ નિકાલ કરી દીધો તો તેમાં શું ભલાઈ હતી ?

પ્રધાને તરત જ જવાબ આપ્યો : જો તમે મને દેશમાંથી કાઢી ન મૂકતા તો હું આ શિકાર માટે તમારા સાથે જરૂર હોત ને ! અને હું પણ તમારા સાથે પકડાઈ જતો. અને આદિવાસીઓનો સરદાર મને જરૂર બલિ ચઢાવી દેતો કેમ કે હું તો તદ્દન સારો અને ખોડ વગરનો છું."

બાદશાહે પ્રધાનની વાત સાંભળી તરત જ કહ્યું : હા ! આ વાત ખરી છે,હવે તો મને તદ્દન વિશ્વાસ થઈ ગયો કે , "ખુદા જે કરે છે ભલા માટે કરે છે."




એક હતો બાદશાહ




મિસ્ર દેશમાં એક બાદશાહ હતો. એનું નામ તાહિર હતું. એક વખત તે કુર્આન પઢી રહ્યો હતો, તેણે વાંચ્યું : "અલ્લાહ જ ઇઝ્ઝત આપવા વાળો છે અને અલ્લાહ જ નામોશી આપવા વાળો છે."બાદશાહે વિચાર્યું : "હું તો બાદશાહ છું, શું મને પણ અલ્લાહ અપમાનિત કરી શકે છે ?"



થોડા દિવસ પછી બાદશાહ શિકાર કરવા નીકળ્યો, આખો દિવસ રઝળપાટ થયો પણ કોઈ શિકાર ન મળ્યો. અચાનક બાદશાહની નજર એક હરણ પર પડી જે થોડે છેટે ચરી રહ્યું હતું. બાદશાહને આવતો જોઈને હરણ છલાંગો મારીને દોડવા લાગ્યું, બાદશાહે પોતાનો ઘોડો તેની પાછળ દોડાવ્યો, અને પોતાના સૈનિકોથી અલગ થઈ ગયો, પણ હરણ તો ન જ મળ્યું, બાદશાહ રસ્તો ભૂલી ગયો. છેવટે થાકીને એક વૃક્ષ નીચે ઘોડાનું જિન બિછાવીને સૂઈ ગયો.





એટલામાં અમુક લોકો તેના પાસે આવ્યા અને બાદશાહને ડાકૂ સમજીને પકડી લીધો. તે લોકો તેને પોતાના સરદાર પાસે લઈ ગયા. તેમનો સરદાર એક મોટા મહેલમાં રહેતો હતો. બાદશાહને મહેલની એક ઓરડીમાં કેદ કરી દીધો જ્યાં તે બે વર્ષ સુધી જેલમાં રહ્યો.

એક દિવસ તે સરદારને એક ઉસ્તાદની જરૂર પડી જે તેની દીકરીને કુર્આન પઢાવી શકે. ઘણી શોધખોળ કરી પણ કોઈ સારો ઉસ્તાદ ન મળ્યો. એક દિવસ સરદારને જાણ થઈ કે આ કેદીને કુર્આન પઢાવતા આવડે છે. સરદારે હુકમ કર્યો કે આ કેદી છોકરીને કુર્આન પઢાવે. હવે સાંભળો એક દિવસ કુર્આન પઢાવતા પઢાવતા તે આયત આવી જેનો અર્થ થતો હતો કે “અલ્લાહ જ ઇઝ્ઝત આપવાવાળો છે અને અલ્લાહ જ નામોશી આપવાવાળો છે.“ આ આયત પઢાવતાં જ બાદશાહ રડવા લાગ્યો. એટલામાં કયાંકથી તે જગ્યાએ સરદાર પણ આવી ચડ્યો. તેણે પૂછ્યું: “ તમે કેમ રડી રહ્યા છો ?” કેદી બાદશાહે પોતાની સમગ્ર આપવીતી કહી સંભળાવી અને કહ્યું:


"હું ગુનેગાર છું" મેં મોટી ભૂલ કરી. અલ્લાહે મને આ સજા આપી છે. મેં ઘમંડ કર્યો કે હું તો બાદશાહ છું અલ્લાહ મને કેવી રીતે અપમાનિત કરશે. એટલે મારે આ દિવસો જોવા પડયા, બાદશાહ હોવા છતાં બે વર્ષ જેલમાં રહેવું પડયું. તદ્દન સાચી વાત છે કે અલ્લાહ જ ઇઝ્ઝત આપવાવાળો છે અને અલ્લાહ જ નામોશી આપવાવાળો છે.”

બાદશાહની આ વાત સાંભળીને સરદારના દિલ પર ખૂબ અસર થઈ, તેણે બાદશાહનો ઘોડો અને પહેરવેશ પાછા આપીને પૂરા સન્માન સાથે તેને રવાના કર્યો.

બાદશાહ ખુશી અને રાહત સાથે પોતાના મહેલમાં પાછો આવ્યો. અને પોતાની આપવીતી સંભળાવી. બાદશાહની વાત સાંભળીને તમામ લોકો બોલી ઊઠયા :.

"સાચી વાત છે, અલ્લાહ જ ઇઝ્ઝત આપવાવાળો અને અલ્લાહ જ નામોશી આપવાવાળો છે."





ચાર વર્ષનો વૃદ્ધ


"મહાશય! તમે કેસમાં તમારી ઉંમર શું લખાવી છે ?" કોર્ટમાં જજે વૃદ્ધ સાક્ષીને જોતાં કહ્યું . "સાહેબ ! માત્ર ચાર વર્ષની ! વૃદ્ધે જવાબ આપ્યો."


"તમને ચાર વર્ષના કોણ માની લેશે ?" જજે ફરી પૂછ્યું. "કોઈના માનવા કે ન માનવાથી શું થાય છે. સાચી વાત તો પોતાની જગ્યા સાચી જ રહે છે ને." વૃદ્ધે સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે કહ્યું. જજ સાહેબે ખૂબ જ નવાઈ પામતાં પૂછ્યું : "એ કેવી રીતે ?"



વૃદ્ધે જવાબ આપ્યો : "સાહેબ,ચાર વર્ષ તો થયા છે, જયારથી મેં મારા સર્જનહારને ઓળખ્યો છે. આનાથી અગાઉ તો હું પૂરેપૂરો શૈતાન હતો. મનુષ્ય હતો જ નહીં. જૂઠ બોલતો હતો, લડાઈ -ઝઘડા કરતો હતો, ગાળો બોલતો હતો, ચોરી કરતો હતો અને આ પ્રકારના તમામ ખોટા કામ કરતો હતો. સાહેબ ચાર વર્ષ પહેલાંની મારી ઉંમર તો બર્બાદ થઈ ગઈ. હવે ચાર વર્ષથી ભાનમાં આવ્યો છું તો તૌબા કરી છે. પ્રાયશ્ચિત કર્યું છે.બૂરા કામો છોડી દીધા છે અને અલ્લાહને અલ્લાહના રસૂલ સ.અ.વ. ના આદેશો પર ચાલવાના પ્રયત્નો કરવા લાગ્યો છું. એટલે સાહેબ,બસ આ ચાર વર્ષને જ મારી સાચી ઉંમર સમજું છું."

"સાચું કહ્યું તમે મહાશય. હવે તમારી સાક્ષી કોર્ટ સામે રજૂ કરો."





ફરિશ્તો કે શૈતાન

એક હતો બાદશાહ. એક દિવસ તેણે પોતાના પ્રધાનથી કહ્યું: “મને કોઈ એવી વ્યક્તિ બતાવ જેને આપણે ફરિશ્તો કહી શકીએ.” આ વાત સાંભળીને પ્રધાન તો ખૂબ જ ગભરાયો. કેમ કે બાદશાહના મનમાં તો ગમે ત્યારે ગમે તે વાત આવે. તેનો આદેશ કેવી રીતે ટાળી શકાય ? મજબૂર થઈને પ્રધાને એક મહિનાની મુદ્દત માંગી. બાદશાહે એક મહિનાની મુદ્દત આપી દીધી.



પ્રધાન તો ઘરથી નીકળી પડ્યો. ચારે તરફ શોધવા લાગ્યો પણ એવી કોઈ વ્યક્તિ ન મળી જેને ફરિશ્તો કહી શકાય. હવે તો મહિનો પણ પૂરો થવા આવ્યો હતો. પ્રધાન તો ખૂબ જ પરેશાન થઈ ગયો. તેણે અલ્લાહથી મદદ કરવા દુઆ માગી. અલ્લાહ તઆલાએ તેની દુઆ સાંભળી લીધી.

એક દિવસ પ્રધાન જઈ રહ્યો હતો. રસ્તામાં અમૂક છોકરા રમી રહ્યાં હતાં. તેમનામાં એક નાનો છોકરો પણ હતો. 6-7 વર્ષનો નાનકડો. સોહામણો. ભલો-ભોળો અને સીધો - સાદો. પ્રધાને તે છોકરાને પાસે બોલાવ્યો. છોકરો પ્રધાન પાસે આવ્યો અને કહ્યું : " અસ્સલામુ અલયકુમ." પ્રધાને જવાબ આપ્યો : "વ-અલૈકુમ અસ્સલામ" પછી તેનાથી વાતો કરવા લાગ્યો. છોકરાની વાતો પણ ઘણી સારી હતી. તેના મોઢેથી એક વાત પણ ખોટી ન નીકળી ન તેણે કોઈની બૂરાઈ કરી.



પ્રધાને જાણી જોઈને ફેરવી ફેરવીને પૂછ્યું છતાં છોકરો સીધી વાતો જ કરતો રહ્યો. પ્રધાન તેનાથી મળીને ખૂબ ખુશ થયો. વિચાર્યું . કેટલો નેક છોકરો છે આ. ફરિશ્તા પણ આવા નિર્દોષ જ હોય છે ને! પ્રધાન તરત જ તેને બાદશાહની સેવામાં લઈ આવ્યો. બાદશાહે પણ છોકરાથી ઘણી વાતો કરી. તેના બાપને બોલાવ્યો. છોકરા વિષે ઘણું બધું પૂછ્યું . જાણવા મળ્યું કે આ ખૂબ સારો અને નેક છોકરો છે. તેણે ન તો કયારેય ચોરી કરી છે, ન કયારેય જીદ કરી છે. બધાથી હળી-મળીને રહે છે. બાદશાહ આ બધું સાંભળીને ખૂબ ખુશ થયો. કહેવા લાગ્યો કે ખરેખર, સાચે જ આને તો ફરિશ્તો જ કહેવો જોઈએ.



આ વાતને 20 વર્ષ વીતી ગયાં. એક દિવસ બાદશાહે પ્રધાનને ફરી કહ્યું : "કોઈ એવી વ્યક્તિ બતાવો. જેને શૈતાન કહી શકાય." પ્રધાન પાછો ગભરાયો. તેણે ફરી એક મહિનાની મુદ્દત માંગી અને શૈતાનને શોધવા નીકળી પડયો. એક દિવસ જેલખાના તરફ જઈ નીકળ્યો. ત્યાં તેણે એક માણસને જોયો. જેના પગમાં બેડીઓ પહેરાવેલી હતી. સાંકળોથી બાંધેલો હતો. લાલ લાલ આંખો. ડરામણો ચહેરો. તેણે સિપાહીઓથી પૂછ્યું : "આને કેમ બાંધી રાખ્યો છે?" સિપાહીઓએ જવાબ આપ્યો: " આ ખૂબ ખરાબ માણસ છે. ચોરી કરે છે, લૂંટફાટ કરે છે, સારા લોકોને સતાવે છે અને ભલા ભોળા લોકોને ભોળવીને છેતરી લે છે. દારુ પીએ છે. ગાળો બોલે છે. અને ખોટા ખોટા કામો કરે છે. ઘણા દિવસો પછી પકડાયો છે."

પ્રધાને મનમાં કહ્યું કે ખરેખર આ જ શૈતાન છે. જેથી તેને બાદશાહ સમક્ષ હાજર કર્યો. બાદશાહ આ ખરાબ માણસના કરતૂકો સાંભળીને બોલ્યો : ખરેખર આ શૈતાન છે." પૂછ્યું : "શું આનો બાપ જીવે છે ?" લોકોએ કહ્યું. "હા જીવે છે." કહ્યું: "તેને બોલાવો." અને સિપાહીઓ જઈને તેના વૃદ્ધ બાપને બોલાવી લાવ્યા. બાદશાહના સામે આવતાં જ તે વૃદ્ધ જોર જોર થી રડવા લાગ્યો. બાદશાહે તેને દિલાસો આપ્યો. શાંત કર્યો અને પછી પૂછ્યું : "આટલું બધું કેમ રડો છો ?" વૃદ્ધ બોલ્યો : "બાદશાહ સલામત ! આપે મને આનાથી વર્ષો પહેલાં પણ એક વખત બોલાવ્યો હતો. મને આજે તે દિવસ યાદ આવી રહ્યો છે. એ દિવસે આપે મારી ખૂબ ઇજ્જત કરી હતી. આજે હું બદનસીબ છું. અપમાનિત થઈને આપના સામે હાજર થયો છું. બાદશાહની સમજમાં કંઈજ ન આવ્યું." તેણે કહ્યું : "સ્પષ્ટ વાત કરો તમે શું કહેવા માગો છો ?"

વૃદ્ધે કહ્યું : "હુઝૂર આજથી 20 વર્ષ પહેલાં પણ આ જ છોકરો આપના દરબારમાં લાવવામાં આવ્યો હતો, અને મને પણ બોલાવ્યો હતો. આ એ જ છોકરો છે જેને આપે "ફરિશ્તો" કહ્યો હતો. તે વખતે આ ખૂબ જ નેક અને સારો છોકરો હતો. મોટો થઈને એ ખરાબ લોકોના સાથે ઊઠવા બેસવા લાગ્યો. તેમની સંગતે ચડી ગયો. અને પોતે પણ તદ્દન બગડી ગયો. આજે તેની હાલત આ છે કે હવે "શૈતાન" બનીને આપના સામે આવ્યો છે.





બાદશાહને આ સાંભળીને ખૂબ જ આઘાત લાગ્યો તેણે કહ્યું : સાચી વાત છે કે માણસ ફરિશ્તો પણ હોઈ શકે છે અને શૈતાન પણ. જે જેવા કામો કરશે તેવો જ તે થઈ જશે. સારા કામો કરનાર સજ્જન બને અને બૂરા કામો કરનાર દુર્જન. એટલે માણસ પોતાના કર્મોથી ફરિશ્તો પણ બને છે અને શૈતાન પણ. જે જેવા કર્મો કરશે તે તેવો જ થઈ જશે.

બાદશાહે તે માણસને જેલમાં મોકલી દીધો અને વૃદ્ધને ઇજ્જત સાથે ગુજરાન કરવા પૈસા આપીને તેના ઘરે મોકલી આપ્યો. અને પ્રધાનને એમ કહીને ખૂબ ઇનામ આપ્યું કે "તમે માણસને સારી રીતે ઓળખી શકો છો. તમને મનુષ્યની પરખ કરતાં આવડે છે."

દુઆ

એક બાદશાહ હતો. તેનું નામ હારૂન રશીદ હતું. તેની પાડોશમાં એક વૃદ્ધા રહેતી હતી. વૃદ્ધા ઘણી જ ગરીબ હતી. તેના કેટલાય બાળકો પણ હતાં. એક દિવસ તેના ત્યાં ખાવાનું કંઈ ન હતું. વૃદ્ધા અને તેના બાળકો આખો દિવસ ભૂખ્યા રહ્યાં. રાત્રે પણ ખાવાનું કંઈ ન મળ્યું. બધા ઘણા પરેશાન હતાં. વૃદ્ધાને અલ્લાહ પર ઘણો વિશ્વાસ હતો. તે અલ્લાહની કૃપાની રાહ જોઈ રહી હતી. તે અર્ધી રાત્રે ઊઠી. તેણીએ બે રકાત નમાઝ અદા કરી અને અલ્લાહથી દુઆ માગી કે “હે કૃપાળુ ! મારી ઉપર કૃપા કર.”



વૃદ્ધા અત્રે આ દુઆ માગી રહી હતી. ત્યાં બીજે હારૂન રશીદે સ્વપ્નમાં જોયું કે કોઈ તેને સાદ આપી રહ્યો છે કે, "હે હારૂન રશીદ! તુ પેટ ભરીને ખાય છે અને નિરાંતથી ઊંઘે છે. અને તારી પાડોશમાં વૃદ્ધા અને તેના બાળકો ભૂખ્યા છે."
આ સ્વપ્ન જોયું તો હારૂન રશીદ ચોંકી ઊઠ્યો. પથારીમાંથી ઊભો થયો, નોકરોને બોલાવ્યાં, ઘરમાં ખાવાની જે વસ્તુઓ હતી તે સમેટીને ભેગી કરાવી અને આદેશ આપ્યો કે પાડોશી વૃદ્ધાને આપી આવો.






નોકરો સામાન લઈ વૃદ્ધાના ઘરે પહોંચ્યાં, જોયું તો તે અલ્લાહથી દુઆ ગુજારી રહી છે કે, "હે અલ્લાહ! પોતાની કૃપાથી રિઝ્ક-ખાવાનું આપ." સેવકોએ તે ખાવાનો સામાન વૃદ્ધાને આપ્યો. સામાન જોયો તો વૃદ્ધાએ અલ્લાહનો આભાર માન્યો અને ઘણી જ ખુશ થઈ. બાળકોને ખવડાવ્યું.

મોટા બાળકે કહ્યુંઃ "અમ્મીજાન! આ સમયે જો આપે અલ્લાહથી આપણા બધા માટે બખ્શિશ-ક્ષમાની દુઆ માગી હોત તો તે હારૂન રશીદના માલથી ચઢિયાતો હોત."

દિલ અને જીભ


ઘણા દિવસ પહેલાંની વાત છે. એક નવાબ સાહેબ હતા. નવાબ સાહેબના ત્યાં એક વૃદ્ધ રસોઈયો હતો. એક દિવસ નવાબ સાહેબના એક મિત્ર ઠાકોર સાહેબ તેમનાથી મળવા આવ્યા.

મિત્રના આગમન પ્રસંગે નવાબ સાહેબે રસોઈયાને બોલાવ્યો. અને કહ્યું : "તમે ઘણા વર્ષોથી અહીં નોકર છો અને તમારી આખી ઉંમર ખાવાનું પકાવવામાં ગઈ છે. આજે કોઈ એવી ચીજ પકાવીને મને તથા ઠાકોર સાહેબને ખવડાવો જે તમામ પકવાનમાં સૌથી ઉત્તમ હોય." વૃદ્ધ રસોઈયાએ કહ્યું : હા, ખૂબ સારુ અને તે રસોડામાં જતો રહ્યો.



પછી જ્યારે ટેબલ પર જમવાનું પીરસવામાં આવ્યું તો નવાબ સાહેબે જોયું કે દિલ અને જીભ સિવાય કંઈજ ન હતું. નવાબ સાહેબના દોસ્ત ઠાકોર સાહેબે પણ જોયું અને હસ્યા. તેમનું હસવું નવાબ સાહેબ જોઈ ગયા તો તેમને ખૂબ શરમ આવી. સંકોચ એ વાતનો થયો કે આટલા મોટા નવાબ થઈને આવું સામાન્ય ખાવાનું ખાય છે, અને મેહમાનને પણ ખવડાવે છે. નવાબ સાહેબ રસોઈયા ઉપર ખૂબ જ નારાજ થયા, અને ગુસ્સામાં કહ્યું : "સારું, હવે આવતી કાલે સૌથી ખરાબ ચીજ પકાવીને લાવજે. "વૃદ્ધ રસોઈયાએ કહ્યું : "હા, સારું." અને જતો રહ્યો.






બીજા દિવસે જમવા બેસ્યા તો નવાબ સાહેબે જોયું કે ગઈ કાલની જેમ આજે પણ દિલ અને જીભ જ પકાવવામાં આવ્યા છે. હવે તો નવાબ સાહેબ ખૂબ જ ચીડાઈ ગયા. અને ઘાંટો કાઢીને બોલ્યા.


"અરે ડફોળ ડોસા ! આ શું કર્યું તેં. જયારે કહ્યું કે સારી ચીજ પકાવજે તો આ જ 'દિલ અને જીભ' પકાવી અને જયારે કહ્યું કે ખરાબ ચીજ પકાવજે ત્યારે પણ મને ચીડાવવા આ જ 'દિલ અને જીભ' પકાવીને લાવ્યો આ શું તમાશો છે ? ગાંડો થઈ ગયો છે કે શું ?" આ સાંભળીને રસોઈયો બોલ્યો : સાહેબ ! હું તો 'દિલ અને જીભ'ને સૌથી સારા અને સૌથી ખરાબ સમજું છું. જો આપ વિચારશો તો આપને મારી વાત સાચી લાગશે."

નવાબ સાહેબે પૂછ્યું : એ કેવી રીતે ?

રસોઈયાએ જવાબ આપ્યો : "જુઓ ! જયારે દિલમાં ઈમાન અને જીભ પર સાચી વાત હોય તો દિલ અને જીભ સૌથી શ્રેષ્ઠ છે. એને જયારે દિલમાં કુફ્ર અને શિર્ક હોય અને જીભ પર જૂઠ હોય તો આ જ દિલ અને જીભ સૌથી ખરાબ ચીજ થઈ જાય છે. "

નવાબ સાહેબ આ સત્ય વાત સાંભળીને ખૂબ ખુશ થયાં. ઠાકોર સાહેબે પણ વાત ધ્યાનથી સાંભળી. તેમની સમજમાં પણ રસોઈયાની વાત બરાબર આવી ગઈ. અને બન્નેએ રસોઈયાને ઇનામ આપ્યું.






ખૂબસૂરત છોકરો


આગા સાહેબના ત્યાં જે દિવસે અબ્બાસ ખાન નોકર તરીકે આવ્યો તે જ દિવસે આગા સાહેબે તેનાથી કહ્યું : "ખાન સાબ ! સ્કૂલમાં જઈ આવો અને મારા દીકરાને લઈ આવો."

ખાન સાહેબે કહ્યું : "કોણ તમારો દીકરો ? શું નામ છે ? હું ઓળખતો નથી ?" આથી આગા સાહેબે કહ્યું : " અરે ભાઈ ! તેને ઓળખવો જરા પણ મુશ્કેલ નથી. આખી સ્કૂલમાં તે સૌથી વધારે ખૂબસૂરત છે. તમે જાવ, સ્કૂલમાં જે સૌથી વધારે સ્વરૂપવાન હોય તે છોકરાને લઈ આવો."

સ્કૂલમાં અબ્બાસ ખાનનો દીકરો પણ ભણતો હતો. ઈરફાન.

ખાન સાહેબ પોતાના દીકરાને બોલાવી લાવ્યા. ઇરફાન ખાન તદ્દન કાળો અને બેડોળ છોકરો હતો.





આ છોકરાને જોતાં જ આગા સાહેબ બોલી ઊઠયાઃ "અરે ભાઈ ! આ તમે કોને બોલાવી લાવ્યા." અબ્બાસખાને જવાબ આપ્યો : "અરે ભાઈ! તમે સ્કૂલના સૌથી ખૂબસૂરત છોકરાને બોલાવ્યો હતોને ! હું ખૂબસૂરત છોકરાને તો બોલાવી લાવ્યો છું."

આગા સાહેબ તેમની વાત સાંભળી હસવા લાગ્યા. ત્યાં બેઠેલા અન્ય લોકો પણ હસવા લાગ્યા.


આગા સાહેબે કહ્યું : અરે ભાઈ ખાન સાહેબ! આ છોકરો તો તદ્દન કાળો અને બેડોળ છે. તમે તેને ખૂબસૂરત કઈ રીતે કહી રહ્યાં છો ?" અબ્બાસ ખાને કહ્યું : "જી સાહેબ તમે જે કંઈ પણ કહો પણ મારી આંખોથી જુઓ તો તમને પણ આ છોકરો ખૂબસૂરત દેખાશે. આગા સાહેબ આ મારો દીકરો છે,મારો વ્હાલો દીકરો."

ખાન સાહેબની વાત સાંભળીને આગા સાહેબ સાથે તમામ લોકો બોલી ઊઠયા : "હા ભાઈ! સાચી વાત છે પોતાની સંતાન માણસના મન સૌથી ખૂબસૂરત દેખાય છે."

આગા સાહેબે ઇરફાનને મીઠાઈ અને ઇનામ આપીને ખુશી સાથે રવાના કર્યો. અબ્બાસખાન પણ ખુશ થઈ ગયો.

સિંહ કે શિયાળ

એક હતો બાદશાહ. ખૂબ સારો બાદશાહ હતો. પ્રજાની ખૂબ સાર સંભાળ લેતો હતો. તેના રાજ્યમાં તમામ લોકો આરામ અને સંતોષ સાથે સુખથી રહેતા હતાં. તે ગરીબોને દાન - દક્ષિણા ઘણી આપતો હતો. જો તેને જાણવા મળતું કે તેના રાજ્યમાં કોઈ નગ્ન કે ભૂખ્યો છે તો બાદશાહને ત્યાં સુધી ચેન ન પડતું કે જ્યાં સુધી તે ગરીબને ભોજન ન ખવડાવી દે અને વસ્ત્ર ન પહેરાવી દે.



એક દિવસ બાદશાહ શિકાર કરવા નીકળ્યો. જંગલમાં શિકાર રમતો રહ્યો. બપોરના સમયે એક જગ્યાએ વિસામા માટે પડાવ નાખ્યો. બાદશાહ, પ્રધાન અને લશ્કર થાક ઉતારવા રોકાઈ ગયા. અચાનક બાદશાહે જોયું કે એક મોટો ઊંડો ખાડો છે. ખાડામાં એક અપંગ શિયાળ પડેલું છે. તેને જોઈને બાદશાહે મનમાં વિચાર્યું કે,“આ ખાડામાં આ બિચારા શિયાળને ખાવાનું કેવી રીતે અને શું મળતું હશે?“



બાદશાહ હજુ તો આ વિચારી જ રહ્યો હતો કે અલ્લાહની કુદરત જુઓ! અલ્લાહ તો બધાને ખાવાનું પહોંચાડે જ છે ને. બાદશાહે જોયું કે તેમનાથી દૂર એક સિંહે એક હરણને પકડી લીધું તેને દબોચીને તેનું ખૂન ચૂસી ગયો. પછી હરણને પંજામાં પકડીને ગુસ્સામાં જોરથી ત્રાડ પાડીને દૂર ફેંકી દીધું. હવે આ મૃત હરણ એ જ ખાડામાં જઈ પડયું જેમાં શિયાળ પડેલું હતું. હવે તે શિયાળે પેટ ભરીને હરણનું માંસ ખાધું. એટલું જ નહીં, બીજા થોડા દિવસનું ભોજન પણ શિયાળને મળી ગયું. બાદશાહ આ દ્રશ્ય જોઈને





માની ગયો કે ખરેખર અલ્લાહ દરેકને ખાવાનું પહોંચાડે છે. ભલે કોઈ ગમે તેટલો અપંગ હોય કે અશક્ત અને ગમે તે જગ્યાએ હોય.

બસ આ વિચાર આવતાં જ બાદશાહે પોતાના પ્રધાનોને બોલાવ્યા અને કહ્યું : "મેં ઘણા દિવસ બાદશાહત કરી અને ઘણા દિવસ આ રાજ્યના શાસનની સમસ્યાઓમાં પરેશાન રહ્યો. પણ મને મળ્યું શું ? બસ ખાવાનું અને કપડાં જ ને ! હવે હું સમજી ગયો છું કે અલ્લાહ રોજી તો દરેકને દરેક જગ્યાએ પહોંચાડી દે છે. એટલા માટે હવે રાત દિવસ આ મહેનત કોણ કરે? તમે બધા જાઓ. રાજ્ય કારભાર કરો, હવે હું તો અહીં આ જંગલમાં એકલો જ રહીશ. અલ્લાહ મને કોઈને કોઈ રીતે રોજી તો આપી જ દેશે.

આ વાત સાંભળીને તમામ પ્રધાનો તો હેરાન અને પરેશાન થઈને વિચારવા લાગ્યા કે. આટલો સારો બાદશાહ છે.લોકોની કેટલી દરકાર લે છે. જો એણે બાદશાહત છોડી દીધી તો પછી કોણ જાણે કઈ વ્યક્તિ બાદશાહ બની જાય, અને તે સારો ન હોય, અને ખરાબ નીકળે તો ? ક્યાંક આ બધું રાજપાટ બરબાદ ન થઈ જાય. લોકો મુશ્કેલીમાં આવી જાય.

પ્રધાનો વિચારમાં પડી ગયા કે આનો ઉપાય શું ? પ્રધાનોમાં એક વૃદ્ધ અને કાબેલ ડહાપણ ધરાવતો પ્રધાન પણ હતો. તે આગળ વધ્યો અને બાદશાહથી કહ્યું : "નિઃશંક અલ્લાહ તઆલા બધાને રોજી આપે છે. પરંતુ આ તેના બંદાના પ્રયત્નો પર છે કે ઇચ્છે તો અપંગ શિયાળની જેમ બીજાઓના ટુકડા ઉપર જીવે. અને ઇચ્છે તો સિંહની જેમ રોજી મેળવે અને બીજાને પણ ખવડાવે. અલ્લાહના વ્હાલા રસૂલ સ.અ.વ.એ ફરમાવ્યું છે કે ઉપરનો હાથ નીચેના હાથ કરતાં ઉત્તમ છે. હે બાદશાહ ! વ્હાલા રસૂલ સ.અ.વ.ની આ વ્હાલી વાતનો અર્થ એ છે કે જે પોતે કમાઈને બીજાઓને ખવડાવે એ જ શ્રેષ્ઠ છે. હવે આપ બતાવો કે આપ બીજાઓની કમાણી ખાવાનું પસંદ કરશો કે બીજાઓને ખવડાવવાનું પસંદ કરો છો ?"

વૃદ્ધ પ્રધાનની ડહાપણથી ભરેલી આ વાત તરત જ બાદશાહની સમજમાં આવી ગઈ. તેણે કહ્યું : "તમારો આભાર. હું સમજી ગયો. હું તો મારી મહેનતથી જ કમાઈને બીજાઓને ખવડાવવું વધારે પસંદ કરૂં છું." બાદશાહની આ વાત સાંભળીને બધાને રાહત થઈ, અને બધા ખુશ થઈ ગયાં. અને બાદશાહ ફરીથી પોતાની ફરજો અને જવાબદારીઓમાં વ્યસ્ત થઈ ગયો.


સમજદાર જંગલી

એક હતો બાદશાહ. શિકારનો ઘણો શોખીન.બાદશાહ તો જો કે શિકારના શોખીન જ હોય. એક વખત શિકાર રમતાં રમતાં પોતાના લશ્કરથી ઘણે દૂર નીકળી ગયો. પાછા



વળતાં સાંજ પડી ગઈ. રસ્તો પણ ભૂલી ગયો. અને ઘણી વાર સુધી આમ તેમ ભટકતો રહ્યો. પરેશાન થઈ ફરતો રહ્યો ને તેને દૂર થોડો પ્રકાશ દેખાયો. તે તે બાજુ ચાલવા લાગ્યો. જ્યારે પ્રકાશ પાસે પહોંચ્યો તો તેણે જોયું કે આ પ્રકાશ એક ઝૂંપડીમાંથી આવી રહ્યો હતો.

તેણે દરવાજો ખટખટાવ્યો તો એક માણસ ઝૂંપડીમાંથી બહાર આવ્યો. બાદશાહે સલામ કર્યો. તે માણસે જવાબ આપ્યો પછી પૂછ્યું "ભાઈ ! તમે કોણ છો ? અંદર





પધારો ." બાદશાહે પોતાની જાતને એક મુસાફર બતાવ્યો અને રાત ગુજારવાની વિનંતી કરી. ઝૂંપડીવાળા ભાઈને ખૂબ ખુશી થઈ. તે બાદશાહને અંદર લઈ ગયો અને તેની ખૂબ સારી આવ-ભગત કરી. સારી રીતે ખવડાવ્યું અને તેના ઘોડાને ચારો પણ નાખ્યો.

સવાર થઈ તો બાદશાહ પોતાના ઘર તરફ જવા નીકળ્યો. જતાં જતાં તેણે પોતાનું નામ બતાવીને કહ્યું કે હું ફલાણા શહેરમાં રહું છું. મારું ઘર શહેરમાં આ જગ્યાએ છે. જો તમને કોઈ જરૂર પડે તો સંકોચ વગર મારા પાસે આવી જજો. મારાથી જે બનશે તમારી મદદ કરીશ. આમ કહીને બાદશાહ ઘોડે ચડીને ચાલી નીકળ્યો.

તે પછી થોડા જ સમયમાં અચાનક એવું થયું કે તે જંગલમાં રહેનારા માણસની બધી બકરીઓ મરી ગઈ. અને તે ખૂબ ગરીબ થઈ ગયો. કેમ કે તેનું ગુજરાન જ તેના ઉપર હતું. પરેશાન થઈને તેની પત્ની દરરોજ તેને કહેતી કે પેલા મહેમાન પાસે જાવ. તેમણે વાયદો કર્યો હતો ને! તેઓ જરૂર આપણી મદદ કરશે. પરંતુ આ ભાઈ પત્નીની વાતને ટાળતા રહ્યાં. છેવટે એક દિવસ પત્નીએ ભાર દઈને કહ્યું તો તે પેલા મહેમાનને શોધવા નીકળી પડ્યો. શહેરમાં પહોંચ્યો. જયારે તેણે લોકોને પેલા મહેમાનનું નામ લઈને પૂછ્યું કે આ વ્યક્તિ કયાં રહે છે? તો લોકોને નવાઈ લાગી. લોકોએ કહ્યું કે "એ તો આ શહેર અને રાજ્યના બાદશાહ છે." જંગલીએ કહ્યું : "મને તેમની પાસે લઈ જાવને."લોકોએ કહ્યું કે તેઓ તો અત્યારે મસ્જિદમાં છે અને નમાઝ પઢાવી રહ્યાં છે. (પહેલાના જમાનામાં બાદશાહ પોતે પણ નમાઝ પઢતા હતા અને લોકોને પણ નમાઝ પઢાવતા હતાં). જંગલી માણસે કહ્યું મને ત્યાંજ લઈ જાવને. જયારે તે માણસ ત્યાં પહોંચ્યો તો તેણે જોયું કે બાદશાહ હાથ ઉઠાવીને કંઈક કહી રહ્યો છે. તેણે પૂછ્યું કે," આ શું કરી રહ્યાં છે?" લોકોએ કહ્યું કે : "અલ્લાહથી દુઆ માગી રહ્યાં છે. "

જંગલી માણસ નવાઈ પામતાં હેરાન થઈને બોલ્યો:"અરે આમને પણ માગવાની જરૂર પડે છે? " લોકોએ કહ્યું : "હા !, બાદશાહને પણ ખુદાથી માગવાની જરૂરત રહે છે."

તે જંગલી માણસ કહેવા લાગ્યો : "હું તો આના પાસે મદદ માગવા આવ્યો હતો. પરંતુ આ તો પોતે જ મોહતાજ છે, જરૂરતમંદ છે, હવે આ જો ખુદાથી માગે છે તો હું શા માટે તેનાથી માગું ? હું પણ ખુદાથી માગીશ."



લોકોએ બહુ કહ્યું: "તમે રોકાઈ જાવ. બાદશાહની દુઆ પૂરી થઈ જવા દો. તમે તેને પોતાની હાલત જણાવો, તે જરૂર તમારી મદદ કરશે." પરંતુ જંગલીએ એક વાત પણ ન સાંભળી અને આ કહેતાં પોતાના ઘેર ચાલ્યો ગયો કે, "હું પણ તેનાથી જ માગીશ જેનાથી બાદશાહ માગી રહ્યો છે." એમ કહીને તે જંગલનો માણસ પોતાના ઝૂંપડી તરફ જંગલમાં ચાલી નિકળ્યો.